GJSK190012272022

સત્યમેવ જયતે

**:: નમુના–અ ::**

| જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,મુ. પોશીના, જીલ્લા–સાબરકાંઠા<br>સેહજાદખાન જે.બિહારી | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૧૬/૦૧ /૨૦૨૪ |
| ફોજદારી કેસ નંબર | ૧૧૯૩/૨૦૨૨ |
| ગુના ની વિગત | |
| ગુનાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩,૨૯૪(ખ), ૫૦૬(૨)૧૧૪ મુજબ.. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | પોશીના પોલીસ સ્ટેશન ફર્સ્ટ. ગુ. રજી.નં.૨૮૯/૨૦૨૨ |
| પોલીસ સ્ટેશન | પોશીના પોલીસ સ્ટેશન |
| ફરિયાદી પક્ષ | સરકાર શ્રી / ફરીયાદી નુ નામ :–લલીતાબેન રમેશભાઈ પરમાર,દેલવાડા , તા.પોશીના, જી.સાબરકાંઠા |
| રજૂઆત | ફરીયાદી તરફે વિ.વ.શ્રી :– એસ.ડી.પટેલ |
| આરોપી પક્ષ | આરોપીનુ નામ<br>(૧) ચેતનકુમાર કનુભાઈ પરમાર<br>(૨) મૈત્રીબેન ચેતનકુમાર પરમાર<br>બંને રહે.દેલવાડા, તા.પોશીના, જી.સાબરકાંઠા |
| રજૂઆત | વિ.વ.શ્રી બી.એસ.વાઘેલા |

**:: નમુના–બ ::**

| **ગુનાની તારીખ** | ૨૧/૦૫/૨૦૨૨ |
|---|---|
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૧/૦૫/૨૦૨૨ |
| આખરી અહેવાલની તારીખ | ૧૫/૦૫/૨૦૨૨ |
| તહોમતનામાની તારીખ | ૧૫/૧૦/૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૪/૦૮/૨૦૨૩ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૧/૦૧/૨૦૨૪ |
| ચુકાદાની તારીખ | ૧૬/૦૧/૨૦૨૪ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | – |

**:: આરોપીની વિગત ::**

| **આરોપી** | આરોપીનુ નામ | ધરપકડ | જામીન | તહોમત | શુ | કરવામાં | સુનાવણી |
|---|---|---|---|---|---|---|---|

| નુ અનુક્રમ | | તારીખ | મુક્તિ તારીખ | | નિર્દોષ છોડયુ / સજા કરી | આવેલ સજા | દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહીતાની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ચેતનકુમાર કનુભાઈ પરમાર રહે.દેલવાડા, તા.પોશીના, જી.સાબરકાંઠા | ૨૨/ ૦૫/ ૨૦૨૨ | ૨૨/ ૦૫/ ૨૦૨૨ | ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૩, ૨૯૪(ખ) ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબ.. | નિર્દોષ | – | – |
| ૨ | મૈત્રીબેન ચેતનકુમાર પરમાર રહે.દેલવાડા, તા.પોશીના, જી.સાબરકાંઠા | ૨૨/ ૦૫/ ૨૦૨૨ | ૨૨/ ૦૫/ ૨૦૨૨ | ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૩, ૨૯૪(ખ) ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબ.. | નિર્દોષ | – | – |

**:: નમુનો – ક ::**

## ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

**અ. ફરિયાદ પક્ષના સાક્ષી**

| અ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સ.૧ | નટુભાઈ ગોવિંદભાઈ પરમાર | પંચ સાહેદ |
| ફ.સ.૨ | લલીતાબેન રમેશભાઈ પરમાર | ફરીયાદી |
| ફ.સ.૩ | રમેશભાઈ મોહનભાઈ પરમાર | સાહેદ |

**બ. બચાવ પક્ષના સાક્ષી**

| અ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | – | – |
| બ.સ.૨ | – | – |

**ક. ન્યાયાલયના સાક્ષી**

| અ.નં . | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ.૧ | – | – |
| ન્યા.સ.ર | – | – |

**ફરિયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી યાદી**

**અ. ફરિયાદ પક્ષના આંકની યાદી**

| અ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક : ફ –૧/ફ.સ.૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામ |
| ૨. | આંક : ફ –૨/ફ.સ.૨ | ફરીયાદ |
| 3. | આંક : ૩૦ | મેડીકલ સર્ટીફીકેટ |
| ૪. | આંક : ૩૧ | મેડીકલ સર્ટીફીકેટ |

**બ. બચાવ પક્ષના આંકની યાદી**

| અ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક : બ–૧/બ.સ.૧ | – |
| ૨. | આંક : બ–૨/બ.સ.૨ | – |

**ક. ન્યાયાલયના આંકની યાદી**

| **અનુક્રમ** | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક ન્યા–૧ /ન્યા.સ.૧ | – |
| ૨. | આંક ન્યા–૨ /ન્યા.સ.૨ | – |

**ડ. ભૌતિક પદાર્થ**

| અ.નં. | ભૌતિક પદાર્થ સૃંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ભૌ.પ.૧ | – |
| ૨. | ભૌ.પ.૨ | – |

**<u>–: ઠરાવ :–</u>**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૨૧/૦૫/૨૦૨૨ ના કલાક ૧૪–૦૦ વાગે મોજે દેલવાડા ગામે ફરીયાદી પોતાના ઘરે હાજર હતા તે સમય દરમ્યાન આરોપીઓ ફરીયાદીના ઘરે આવી બેફામ ગાળો બોલી કહેવા લાગેલ તમે અમારા ઘર આગળ આવેલ રોડ ઉપર પાણી કેમ ઢોળો છો તેમ કહેતા ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા

આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ, ફરીયાદી તથા સાહેદને ગડદાપાટુનો માર મારી, જાનથી મારી નાખવાની ધમકીઓ આપી, એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ મુજબ નો શિક્ષાપાત્ર ગુન્હો આ અદાલતની હકુમતમાં કરતાં આરોપીઓ વિરુધ્ધ ફરીયાદીએ પોશીના પોલીસ સ્ટેશન ફર્સ્ટ. ગુ. રજી. નં.૨૮૯/૨૨ થી ફરીયાદ નોંધાવેલ જે કામે તપાસ કરનાર અમલદારે જરુરી પંચનામા કરી, સાહેદોના નિવેદનો નોંધી આરોપીઓ વિરુધ્ધના ગુનાની તપાસ કરી હાલનું ચાર્જશીટ દાખલ કરેલું છે.

(૨) આ કામે આરોપીઓને સમન્સ કરતાં, આરોપી હાજર થયેલ અને તેમને પોલીસ પેપર્સના કાગળો મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આંક–૫ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી, આરોપીઓની આંક–૬ થી આં ક–૭ સુધી પ્લી વાંચી સંભળાવી, સમજાવી, નોંધતાં, આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતાં, આરોપી ઓ સામેનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફે આ કામે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**:: મૌખિક પુરાવો ::**

(૧) આંક–૨૭ પંચ સાહેદ નટુભાઈ ગોવિંદભાઈ પરમારની જુબાની

(૨) આંક–૨૮ ફરીયાદી લલીતાબેન રમેશભાઈ પરમારની જુબાની

(૩) આંક–૨૯ સાહેદ રમેશભાઈ મોહનભાઈ પરમારની જુબાની

**:: દસ્તાવેજી પુરાવો ::**

(૧) આંક–P1/PW1 ગુનાવાળી જગ્યાનું પંચનામું

(૨) આંક–P2/PW2 ફરીયાદ

(૩) આંક–૩૦ મેડીકલ સર્ટીફીકેટ

(૪) આંક–૩૧ મેડીકલ સર્ટીફીકેટ

(૪) ત્યાર બાદ ફરિયાદપક્ષ દવારા તેઓ વધુ પુરાવો આપવા માંગતા ન હોવાની પુરસીસ આંક–૩૨ થી રજુ રાખેલ છે. ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું ક્રિ. પ્રો. કોડની કલમ :– ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધેલ. જેમાં તેઓએ તેમની વિરૂધ્ધ ખોટો કેસ કરેલાનું જણાવેલ છે.

ત્યાર બાદ આરોપી સામેના કેસ સંદર્ભે પ્રોસીકયુશન તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે આરોપીના વિ. વકીલશ્રી ની લંબાણ પુર્વકની દલીલો સાંભળી.

(૫) હાલના કામે રજુ થયેલ તમામ પુરાવોના આધીન કેસના આખરી નિકાલ સારુ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**–: મુદ્દાઓ :–**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૨૧/૫/૨૨ ના કલાક ૧૪–૦૦ વાગે મોજે દેલવાડા ગામે ફરીદી પોતાના ઘરે હાજર હતા તે સમય દરમ્યાન આરોપીઓ ફરીયાદીના ઘરે આવી બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે તમે અમારા ઘર આગળ આવેલ રોડ ઉપર પાણી કેમ ઢોળો છો તેમ કહેતા ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા, આરોપીઓ ઉશ્કેરાઈ જઈ, ફરીયાદી તથા સાહેદને ગડદાપાટુનો માર મારી, જાનથી મારી નાખવાની ધમકીઓ આપી, એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હો આ અદાલત ની હકુમતમાં કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દા અંગેના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

**-: કારણો :-**

(૮) **મુદ્દા નંબર-૧ :-**

(૯) આ કામે ફરીયાદીપક્ષ તરફે રજુ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરીએ તે પહેલા પુરાવાના મૂલ્યાંકન વિશેના જે પ્રસ્થાપિત સિધ્ધાંતો છે તે જોઈએ તો ભારતીય ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો મુજબ આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષ ઉપર હોય છે. ઈન્ડીયન એવીડેન્સ એકટ, ૧૮૭૨ ની કલમ-૧૦૧ થી ૧૦૩ ની જોગવાઈ મુજબ પણ આરોપી વિરૂધ્ધનું તહોમત પુરવાર કરવાનો સાબિતીનો બોજો ફરીયાદપક્ષ ઉપર હોય છે. તેથી ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું હોય છે અને આરોપીએ માત્ર મૌન રાખવાનુ હોય છે. આરોપીની સામેનું તહોમત નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે એવું અનુમાન કરવાનું હોય છે. વધુમાં ફોજદારી કેસોમાં પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે અદાલતે એક મેન્ટલ પ્રોસેસ કરવાની હોય છે તેમજ દરેક કેસ પોતપોતાની હકીકત અને રજુ થયેલ પુરાવા તથા કેસના ગુણદોષ પર આધારિત હોય છે. નામદાર સુપ્રીમ કોર્ટે સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ વિ. અનિલસિંહ, એ.આઈ.આર.૧૯૮૮ સુપ્રીમકોર્ટ ૧૯૯ વાળા ચુકાદામાં એમ ઠરાવેલ છે કે, ''સો ગુનેગારો ભલે નિર્દોષ છુટી જાય પરંતુ એક નિર્દોષને ખોટી રીતે સજા ન થવી જોઈએ'' તેવો કાયદાનો સિધ્ધાંત છે પરંતુ સાથે સાથે જજની એ પણ ફરજ છે કે ગુન્હો કરનાર વ્યકિત સજામાંથી છટકવી જોઈએ નહી. પહેલો સિધ્ધાંત જેટલો અગત્યનો છે, તેટલો જ અગત્યનો બીજો સિધ્ધાંત છે. તેવો જ સિધ્ધાંત નામદાર સુપ્રીમ કોર્ટે નરેન્દ્ર વિ. સ્ટેટ ઓફ કર્ણાટકા, ૨૦૦૯(૨) ક્રાઈમ્સ ૪૧૫ સુપ્રીમ કોર્ટ વાળા ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે. તેવી જ રીતે ફોજદારી કેસોમાં પુરાવાની ગુણવત્તા અને સાહેદોની વિશ્વસનીયતા કોર્ટે ધ્યાને લેવાની હોય છે અને કેટલા જથ્થામાં

પુરાવો છે તે હકીકત અગત્યની નથી. વધુમાં રજુ થયેલ પુરાવા કેટલા વિશ્વસનીય છે અને તેવા પુરાવાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે કે કેમ, તે અગત્યનું છે. આટલી પૂર્વભુમિકા બાદ આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાની વિચારણા કરીને ફરીયાદપક્ષે આરોપી સામે જે આક્ષેપો કરેલા છે તે પુરવાર કરી શકયા છે કે કેમ ? તે નકકી કરવાનું રહે છે અને ફરીયાદપક્ષે આરોપી સામે જે આરોપ મકેલ છે તે હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે જે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે, તે ઘ્યાને લેવો જરૂરી છે.

(૧૦) ફરીયાદપક્ષ તરફે પંચ સાહેદ નટુભાઈ ગોવિંદભાઈ પરમારને આંક–૨૭ થી સોગંદ ઉપર તપાસેલ છે તેમની જુબાનીમાં તેઓએ જણાવે છે કે, પોલીસે તેઓને એક તૈયાર લખેલા કાગળમાં સહી કરવાનુ કહેતા સહી / અંગુઠો કરેલ. અંગુઠો કર્યા સિવાય બીજી કોઈ જાત માહિતી નથી. તેમને આંક–P1/PW1 ગુનાવાળી જગ્યાનું પંચનામું બતાવતાં તેમાં પોતાની સહી/અંગુઠો ઓળખી બતાવે છે. આ સિવાય બીજુ કંઈ બનેલ નહી હોવાનો પુરાવો આપે છે.

સદર પંચ સાહેદ તેમની જુબાનીમાં રજુ થયેલ ઉપરોકત પંચનામાની હકિકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોઈ, વિધ્વાન એ.પી.પી. શ્રી એ તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પશ્નો પુછવાની પરવાનગી માંગતા, તે મંજુર કરવામાં આવેલ. જેમાં પણ તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

ત્યારબાદ પંચ સાહેદની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમને તૈયાર પંચનામામાં સહી/અંગુઠો કર્યા સિવાય બીજી કોઈ જાત માહિતી નથી.

(૧૧) આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાનું મૂલ્યાંકન કરતા આંક–૨૮ થી ફરીયાદી લલીતાબેન રમેશભાઈ પરમારને સોગંદ પર તપાસવામા

આવેલા છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી આશરે એક વર્ષ અને ત્રણ ચાર માસ અગાઉ બનેલો. બનાવ સવારના સાડા દસથી અગીયાર આસપાસ બનેલ. બનાવ તેમના ઘરની આગળ બનેલ. બનાવ વખતે તેઓ તથા તેમના બે નાના બાળકો તેમના ઘરની આગળ આવેલ રોડ ઉપર હતા તે વખતે કચરાવાળુ પાણી તેઓએ સાવરી લીધેલ જેથી મૈત્રીબેન રોડ ઉપર પાણી કચરો બહાર કાઢવા બાબતે બોલવા લાગેલા અને તેથી તેમના પતિ ચેતનકુમાર પણ ઉશ્કેરાઈ જઈ તેમના પતિને બે લાફા મારેલા અને બંને જણા બાથમબાથી કરવા લાગેલા. ત્યાર બાદ તેમના પતિને ઘરમાં પુરી દરવાજો બંધ કરી દીધેલ છતા પણ ચેતનકુમારે દરવાજાને લાત મારી, દરવાજો ખોલી, તેમના પતિને મારવા ઘરમાં ઘુસી ગયેલ. જેથી ૧૮૧ નંબર પર ફોન કરેલ. ત્યાર બાદ પોલીસ આવી જતા મામલો થાળે પડેલ. બનાવમાં આરોપીઓ ગાળો બોલતા હતા અને મૈત્રીબેન હાથમાં લાકડી લઈ આવી મારવાની ધમકી આપેલાનો પુરાવો આપેલ છે. આ સિવાય બીજુ કાંઈ બનેલ નહી હોવાનો તેમજ બનાવની ફરીયાદ તેઓએ આપેલાનો પુરાવો આપેલ છે. જે ફરીયાદ સદર કામે આંક–P2/PW2 થી પુરાવામાં રજુ છે.

જયારે બચાવપક્ષે સદર ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, મૈત્રીબેને તેમના ઉપર ફરીયાદ કરેલ છે. તેમનું અને મૈત્રીબેનનું મકાન નજીક નજીક આવેલ છે. તેમના ઘરની આજુબાજુ બીજા લોકોના મકાનો પણ આવેલા છે. તેમનો તથા આરોપીના મકાનનો વચ્ચેનો માર્ગ ઢાળવાળો છે. તેઓ એકબીજાના ઘર આગળ થઈને ચાલે છે.

આમ, ઉપરોકત ફરીયાદીની કોર્ટ રૂબરૂની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓએ ફરીયાદને સમર્થનકારી પુરાવો આપેલ છે. ફરીયાદીએ પોતે જ પોતાની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે તેમની ઘર આજુ બાજુ ગણા બધા ઘરો આવેલા છે. તેમજ ફરીયાદીની જુબાની રોડ ઉપર કચરો નાખવા બાબતે તથા

આરોપી નં.૧ નાએ ફરીયાદી ના પતિને લાફા મારવા બાબતે રિધાભાસી પુરાવો આપેલ છે.

(૧૨) આ કામે આંક–૨૯ થી સાહેદ રમેશભાઈ મોહનભાઈ પરમારને સોગંદ પર તપાસવામા આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી આશરે એકાદ વર્ષ પહેલા બનેલો. બનાવમાં આરોપીઓ સાથે રોડ ઉપર પાણી ઢોળવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. બોલાચાલી દરમ્યાન ઘણા બધા માણસોનું ટોળું ભેગુ થઈ જતા તેમને તથા તેમના પત્ની લલીતાબેનને ધકકામુકકીમાં જમીન પર પડી જવાથી સામાન્ય ઈજા થયેલી. જેથી તેઓએ પોશીના સરકારી દવાખાને સારવાર કરાવેલ. આ સિવાય બીજુ કાંઈ બનેલ નહી હોવાનો પુરાવો આપેલ છે.

સદર સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ના હોઈ વિ.એ.પી.પી.શ્રી ઘ્વારા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે.

જયારે બચાવપક્ષે સદર સાહેદને ઉલટતપાસમા પુછી સકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતા ઉલટતપાસમા પુછી સકાય તેવા પ્રશ્નો પુછવામા આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, બનાવમાં આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશું બનેલ નહી. આરોપીઓએ બનાવ સમયે કોઈ ગાળો બોલેલ નથી, ગડદાપાટુનો માર મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. બનાવ અંગેની ફરીયાદ તેમના પત્નીએ આવેશમાં આવીને આપેલી.

આ કામેફરીયાદી તથા ઈજા પામનાર સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતાં ફરીયાદી દ્ધારા ફરીયાદ મુજબ આરોપી નં.૧ એ તેમના પતિને લાફા માર્યાનો તથા તેઓ બન્ને ને ગાળો બોલ્યાનો પુરાવો આપેલ છે પરંતુ ઈજા પામનાર સાહેદે આરોપી નં.૧ દ્ધારા તેમને લાફા માર્યાની કોઈ હકીકત તેમના

પુરાવામા જણાવતા નથી એટલે કે ફરીયાદીના પુરાવાને ઈજા પામનાર સાહેદના પુરાવાથી સમર્થન મળતુ નથી તેમજ ફરીયાદી નો પુરાવો વિરોધાભાસ થી ભરેલ છે તથા ફરીયાદીને માર માર્યાનો ફરીયાદપક્ષનો કેસ કે પુરાવો નથી જેથી જો ઈજા પામનાર જ તેમને આરોપી નં.૧ એ ઈજા કર્યાનો પુરાવો આપતા ન હોય તો અન્ય સાહેદ નો પુરાવો તેમની હકીકતને સમર્થનકારી પુરાવા તરીકે ધ્યાને લઈ સકાય નહી. આમ ઉપરોકત બન્ને સાહેદોના પુરાવાના આધારે આરપીઓને તેમની વિરૂધ્ધ ફરમાવવામા આવેલ ચાર્જ હેઠળના ગુન્હામા સજા કરી સકાય તેવો શંકારહીત પુરાવો રેકર્ડ ઉપર આવવા પામેલ નથી જેથી તેવા પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને સજા કરી સકાય નહી.

(૧૩) ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં, આ ગુનાઓ પુરવાર કરવા માટે આરોપી ધ્વારા આપવામાં આવેલ ગુનાહિત ધમકીથી ફરીયાદીને તેવી ધમકીના કારણે તાત્કાલીક મૃત્યુની બીક હેઠળ આવી ગયેલ હતા તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવી જરૂરી છે. જો ફરીયાદી આવી હકીકત પુરાવાર કરી શકે નહી તો ભારતીય દંડ સંહિતાની કલમ:- ૫૦૬(૨) હેઠળના ગુના સબબ આરોપી ને તકસીરવાન ઠરાવી શકાય નહી. હાથ પરના કેસમાં ચકાસતા આરોપીએ ફરીયાદી ને ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવા અંગનો ફરીયાદમાં જે આક્ષેપ મુકેલ છે. જે સંદર્ભે ફરીયાદીનો સોગંદો પરનો પુરાવો વંચાણે લેવામાં આવે તો ફરીયાદી અદાલત સમક્ષની જુબાનીમાં તેવી કોઈ જ હકીકત જણાવતા નથી. તેવા સંજોગોમાં આરોપી વિરૂધ્ધ આક્ષેપવામાં આવેલ ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૬(૨) મુજબના ગુન્હાના કોઈ જ તત્વો પુરવાર થતા નથી.

(૧૪) આમ, રજુ થયેલ સમગ્ર પુરાવો જોતાં, ફરીયાદ મુજબનું કૃત્ય આરોપીઓએ ફરીયાદી સાથે આચરેલ હોય તેવો લેશમાત્ર શંકારહીત પુરાવો ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદી કે સાહેદો તેમની જુબાનીમાં જણાવતા નથી.

આમ, સમગ્ર રીતે જોતાં ફરીયાદ પક્ષ આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય, જેથી ઉપરોકત કરેલ ચર્ચાઓ મુજબ ફરીયાદપક્ષ આરોપી સામે ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુનાનો આક્ષેપ પુરવાર કરી શકેલ ન હોય તે સબબ મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

(૧) આ કામના આરોપી (૧) ચેતનકુમાર કનુભાઈ પરમાર, (૨) મૈત્રીબેન ચેતનકુમાર પરમાર, બંને રહે. દેલવાડા, તા.પોશીના, જી.સાબરકાંઠા ને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના ટ્રાયલ દરમીયાનના જામીન તથા જાતમુચરકા રદ્દ કરવામાં આવે છે.

(૩) ક્રિ. પ્રો. કો. કલમ–૪૩૭ (એ) અન્વયે આરોપીને રૂ.૧૦, ૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમના બોન્ડ અપીલ સમય માટે આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૬મી, માહે.જાન્યુઆરી, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૧૬/૦૧/૨૦૨૪
સ્થળ : પોશીના

**(એસ.જે.બિહારી)**
જ્યુડી. મેજી. ફ.ક., પોશીના.
જજ કોડ નં.જીજે૦૧૬૬૬

//A.B.K.//